GJSK030009002024

દાખલ તારીખ : ૯–૪–૨૦૨૪
રજીસ્ટર તારીખ : ૯–૪–૨૦૨૪
ફેંસલ તારીખ : ૩૦–૩–૨૦૨૬
અવધિ: ૧–વર્ષ ૧૧–માસ ૨૧–દિવસ

**મે. એડી. ચીફ જયુડી. મેજી. સાહેબની કોર્ટમાં, મુ.પ્રાંતિજ**

ફોજદારી કેસ નં.૭૦૭/૨૦૨૪

આંક :

**ફરીયાદી :** શ્રી સરકાર

**વિરુધ્ધ**

**આરોપી :** ઈન્દુભાઈ રાજાભાઈ સુસરા(ભરવાડ),
રહે.તુરખા,તા.જી.બોટાદ.

**ગુન્હો :** ભારતીય દંડ સંહિતાની કલમ– ૨૭૯,૩૦૪(અ) તથા મોટર વ્હીકલ એકટની કલમ– ૧૭૭, ૧૮૪,૧૩૪ બી મુજબ...

---

ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી કે.એ.પટેલ
આરોપી તરફે વિ.વ.શ્રી એમ.ડી.ઝાલા

---

**–: ઠરાવ :–**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી એ તા.૨૩/૧૧/૨૩ ના કલાક–૧૪–૫૦ વાગ્યાના સુમારે મોજે–ગેડ ગામની સીમમાં સાબરમતી નદીમાં આ કામના આરોપીએ પોતાનું લોડર નં.જી.જે. ૧૩.એ.ડી.૧૪૯૯ નું બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી લાવી લોડરમાં ભરાવેલ ચારણો અકસ્માતે છટકી નીચે ઉભેલ સાહેદ ધર્મેશકુમાર કાન્તીભાઈ પટેલ ઉ.વ.૪૦ ના ઉપર પડતા પીઠ તેમજ શરીરે ગંભીર ઈજાઓ થતા મોત

નીપજાવી પોતાનુ લોડર લઈ નાસી જઈ ગુન્હો કરી ભારતીય દંડ સંહિતાની કલમ- ૨૭૯,૩૦૪(અ) તથા મોટર વ્હીકલ એકટની કલમ-૧૭૭,૧૮૪, ૧૩૪ બી મુજબનો ગુન્હો આ અદાલતની હકુમતમાં કરતા આરોપી વિરુઘ્ધ ફરીયાદીએ ફરીયાદ નોંધાવેલ છે. તપાસ કરનાર અમલદારે જરુરી પંચનામાં કરી, સાહેદોના નિવેદનો નોંધી આરોપી વિરુઘ્ધના ગુનાની તપાસ કરી હાલનું ચાર્જશીટ દાખલ કરેલું છે.

**(૨)** આરોપી સમન્સ આધારે કોર્ટમાં હાજર થતાં સૌપ્રથમ ક્રિ.પ્રો. કોડની કલમ-૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડયાની ખાત્રી કર્યા બાદ આંક-૪ થી આરોપીનું નિવેદન રેકર્ડ કરવામાં આવેલ છે, જેમાં આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરતાં ફરીયાદપક્ષે કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**(૩)** ફરીયાદપક્ષ તરફે આ કામે નીચે મુજબનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલો છે.

**<u>:: મૌખિક પુરાવો ::</u>**

(૧) આંક-૨૦ ફરીયાદી પિનાકીનકુમાર કાંતીભાઈ પટેલની જુબાની

(૨) આંક-૨૭ પંચ સાહેદ વિષ્ણુભાઈ જસુભાઈ પ્રજાપતિની જુબાની

(૩) આંક-૩૧ સાહેદ કાંતીભાઈ કોદરભાઈ પટેલની જુબાની

(૪) આંક-૩૨ સાહેદ વેદીકાબેન ધર્મેશકુમાર પટેલની જુબાની

**<u>:: દસ્તાવેજી પુરાવો ::</u>**

(૧) આંક-૨૧ સી.આર.પી.સી.ની કલમ-૧૫૪ મુજબની ફરીયાદ

(૨) આંક-૨૨ ફરીયાદ

(૩) આંક-૨૮ ગુનાવાળી જગ્યાનું પંચનામું

(૪) આંક-૩૫ ટેલીફોન વર્ધી

(૫) આંક-૩૬ ઈન્કવેસ્ટ ભરવા બાબતેની યાદી

(૬) આંક–૩૭ ઈન્કવેસ્ટ પંચનામું

(૭) આંક–૩૮ લાશનું પી.એમ. કરી કોઝ ઓફ સર્ટી આપવા બાબતની યાદી

(૮) આંક–૩૯ મરણોતર તપાસ માટે મોકલવાનો પોલીસ રીપોર્ટ

(૯) આંક–૪૦ પી.એમ.રીપોર્ટ

(૧૦) આંક–૪૧ લાશ સોપ્યાની પાવતી

(૧૧) આંક–૪૨ સ્થળ પરીક્ષણ અહેવાલ

**(૪)** ત્યાર બાદ એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ :– ૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો ન હોય વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી. ત્યાર બાદ બંને પક્ષે દલીલો સાંભળી.

**(૫)** કેસના આખરી નિકાલ સારુ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દાઓ :–**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૨૩/૧૧/૨૩ ના કલાક–૧૪–૫૦ વાગ્યા ના સુમારે મોજે–ગેડ ગામની સીમમાં સાબરમતી નદીમાં આ કામના આરોપીએ પોતાનું લોડર નં.જી.જે.૧૩.એ.ડી. ૧૪૯૯ નું બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી લાવી લોડરમાં ભરાવેલ ચારણો અકસ્માતે છટકી નીચે ઉભેલ સાહેદ ધર્મેશકુમાર કાન્તીભાઈ પટેલ ઉ.વ.૪૦ ના ઉપર પડતા પીઠ તેમજ શરીરે ગંભીર ઈજાઓ થતા મોત નીપજાવી પોતાનુ લોડર લઈ નાસી જઈ ગુન્હો કરી ભારતીય દંડ સંહિતા ની કલમ–૨૭૯,૩૦૪(અ) તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧

૭૭,૧૮૪, ૧૩૪ બી મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો આ અદાલત ની હકુમતમાં કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દા અંગના ન્યાયીક નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૭) ઉપરોકત મુદ્દાઓના નિર્ણય માટેનાં કારણો નીચે મુજબ છે.

**-: કારણો :-**

(૮) **મુદ્દા નંબર-૧ :-**

(૯) આ કામે આંક-૨૦ થી ફરીયાદી પિનાકીનકુમાર કાંતીભાઈ પટેલને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ સાહેદ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૨૩/૧૧/૨૦૨૩ ના રોજ બપોરે દોઢ વાગે હુ મારા ઘરે હાજર હતો ત્યારે મારા મોબાઇલ ઉપર મારા મિત્ર હર્ષદભાઇ જેતાજી વણજારાનાઓનો ફોન આવેલો અને મને જણાવેલ કે, તમારા ભાઇ ધર્મેશકુમારને ગેડ ગામની સીમમાં આવેલ સાબરમતી નદીમાં રેતી ચાળવાનો ચારણો પડતા તેઓને શરીરે ઇજા થયેલ છે અને તેઓને સારવાર સારૂ ૧૦૮ વાન મારફતે હિંમતનગર સીવીલમાં લઇ ગયેલ છીએ ત્યારબાદ હુ મારા ઘરેથી નીકળી હિંમતનગર સીવીલમાં આવેલો અને ઇર્મજન્સી વોર્ડ પરના ફરજ પરના ડોકટરે જણાવેલ કે, તમારા ભાઇ મરણ ગયેલ છે ત્યારબાદ મરણ અંગેની જાણ પ્રાંતિજ પો.સ્ટે.માં કરેલી અને તે આધારે પોલીસે મરણોત્તર કાગળો તૈયાર કરી પી.એમ. કરાવી મારા ભાઇની લાશની અંતિમવીધી કરેલી ત્યારબાદ અકસ્માત બાબતે સાબરમતી નદીની સીમમાં ગયેલો અને જાણવા મળેલ કે, બનાવના દિવસે ધર્મેશભાઇ પોતાનું ટ્રેકટર નં. GJ 09 BK 8582 નું ટ્રોલી સાથેનું લઇને ગેડ ગામની સીમમાં સાબરમતી નદીમાં રેતી ભરવાના

કામે ગયેલો અને ટ્રેકટરથી ફેરા કરતો હતો ત્યારે બપોરના ૦૧/૦૦ વાગે મારા ભાઇના ટ્રેકટર ટ્રોલીમાં લોડર નં. GJ 13 AD 1499 થી લોડર ચાલક લોડરમાં ચારણો ભરાવી ટ્રેકટરની ટ્રોલી ઉપર રેતી ચાળવા નો ચારણો ગોઠવતો હતો તે વખતે લોડર ચાલક બેદરકારીથી હંકારી લાવતા લોડર માં ભરાવેલ ચારણો છટકી નીચે ઉભેલ મારા ભાઇ ધર્મેશકુમાર પર પડતા મારા ભાઇને પીઠ તેમજ શરીરે ગંભીર ઇજાઓ થયેલી અને આ બાબતે અમો મરણવીધીમાં રોકાયેલ હોય મરણવિફી પતાવી તા.૦૫/૧૨/૨૦૨૩ ના રોજ પ્રાંતિજ પો.સ્ટે.માં અરજી આપેલી આજરોજ મને અસલ અરજી બતાવવામાં આવે છે જેમાં મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ આંક-૨૧ આપવામાં આવે છે ત્યાર બાદ આ અરજી આધારે તા.૨૦/૧૨/૨૦૨૩ ના રોજ પોલસે મને બોલાવેલ અને મારી ફરીયાદ લીધેલી જે અસલ અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જે જોઇને હુ કહુ છુ કે જેમાં મારી સહી છે જેને ઓળખી બતાવુ છુ જેને પુરાવામાં રજુ દાખલ આંક-૨૨ આપવામાં આવે છે. આરોપીને હુ ઓળખતો નથી.

આ સાહેદ પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, મે મારી ફરીયાદમાં હર્ષદભાઇનો મોબાઇલ નંબર લખાવેલ નથી. ગેડ ગામે સાબરમતી જવાનો રસ્તો વળાંકવાળો અને ખાડા ખડીયા વાળો છે. રસ્તો ખાડા ખડીયાવાળો હોઇ ત્યાંથી પસાર થતા વાહનો ધીમી ગતિએ જાય. કહેવાતા બનાવ સમયે હુ ઘરે હતો. બનાવ સમયે હુ ઘરે હોઇ બનાવ કેવી રીતે, કેવા સંજોગોમાં અને કોની બેદરકારીથી બનેલો તે હુ ચોકકસપણે કહી શકુ નહી. કહેવાતા બનાવની ચોકકસ જગ્યા મે મારી ફરીયાદમાં જણાવેલ નથી. ચાર્જશીટમાં જણાવેલ સાહેદ નં.૪ તથા ૫ મારા ઓળખીતા છે તથા સાહેદ નં.૬, ૭ તથા ૮ મારા કુંટુંબી છે. મે મારા ભાઇ ધર્મેશભાઇને થયેલ અકસ્માત અંગે વળતર માટેનો કલેઇમ કરેલો છે.

**(૧૦)** આ કામે આંક–૨૭ થી પંચ સાહેદ વિષ્ણુભાઈ જસુભાઈ પ્રજાપતિ ને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ સાહેદ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે,પોલીસે મને બોલાવેલા પોલીસે મને ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરવાનુ હોઇ બોલાવેલા તા.૨૪/૧૧/૨૦૨૩ ના રોજ પોલીસે અમોને ગેડ ગામે આવેલ સાબરમતી નદીમાં બોલાવેલા અને તે જગ્યાએ હુ તથા બીજા પંચ પરબતસિંહ તથા ફરીયાદી તથા પોલીસ હાજર હતી સાબરમતી નદીના પટમાં ગુનાવાળી જગ્યાએ એક ટ્રેકટર જેનો નંબર ૩૭૦૧ નુ હતુ અને ત્યાં એક ચારણે લોખંડનો પડેલો જે ૮×૮.૫ લંબાઇ પહોળાઇનો હતો અને જેનુ વજન ૮૦૦ થી ૯૦૦ કીલો હતુ અને એ ચારણાની બાજુમાં રેતી ઉપર લોહી પડેલ હતુ જે રેતીનું સેમ્પલ લઇ પોલીસે તપાસ અર્થે કબજે લીધેલુ અને તેની ચાતેય દિશામાં સાબરમતી નદીનો પટ આવેલ હતો આજરોજ મને ગુનાવાળી જગ્યાનુ અસલ પંચનામુ બતાવવામાં આવે છે તે જોઇ કહુ છુ કે તેમાં પંચ નં.૧ તરીકે મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ આંક-૨૮ આપવામાં આવે છે.

આ સાહેદ પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આ કામના ફરીયાદી પિનાકીનભાઇ મારા મિત્ર થાય છે. પંચનામાની વિગત મને મારા મિત્રએ જણાવેલી. આ કામના ફરીયાદીના કહેવાથી મે આ પંચનામામાં સહી કરેલી. મે પંચનામામાં એક સહી કરેલી. આ કામના પંચ નં.૨ પરબતસિંહ મારા મિત્ર છે તેમજ તેઓ ફરીયાદીના પણ મિત્ર છે કહેવાતા પંચનામાના સમયે મને ફરીયાદીએ સીધો સ્થળ પર બોલાવેલો. અમે પંચનામાના સ્થળે પોણા કલાક જેટલુ રોકાયેલા. કહેવાતા બનાવસ્થળે હુ સવા આઠે પહોંચેલો અને તેની દસ પંદર મીનીટ પછી પોલીસ ત્યાં આવેલી. કહેવાતા નદીના પટ ઉપર ઘણા બધા સાધનોની અવર જવર હોય છે. પોલીસે માત્ર મારૂ નામઠામ અને સરનામુ પુછેલુ તે સિવાય બીજુ કઇ પુછેલુ નહી.

**(૧૧)** આ કામે આંક–૩૧ થી સાહેદ કાંતીભાઈ કોદરભાઈ પટેલને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ સાહેદ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે,તા.૨૩/૧૧/૨૦૨૩ ના રોજ બપોરે દોઢ વાગે હુ મારા ઘરે હાજર હતો ત્યારે મારા દિકરા પિનાકીનના મોબાઇલ ઉપર તેના મિત્ર હર્ષદભાઇ જેતાજી વણજારાનાઓનો ફોન આવેલો અને જણાવેલ કે, તમારા ભાઇ ધર્મેશકુમારને ગેડ ગામની સીમમાં આવેલ સાબરમતી નદીમાં રેતી ચાળવાનો ચારણો પડતા તેઓને શરીરે ઇજા થયેલ છે અને તેઓને સારવાર સારૂ ૧૦૮ વાન મારફતે હિંમતનગર સીવીલમાં લઇ ગયેલ છીએ ત્યારબાદ હુ મારા ઘરેથી નીકળી હિંમતનગર સીવીલમાં આવેલો અને ઇર્મજન્સી વોર્ડ પરના ફરજ પરના ડોકટરે જણાવેલ કે, તમારા દિકરા મરણ ગયેલ છે ત્યારબાદ મરણ અંગેની જાણ પ્રાંતિજ પો.સ્ટે.માં મારા દિકરા પિનાકીને કરેલી અને તે આધારે પોલીસે મરણોત્તર કાગળો તૈયાર કરી પી.એમ. કરાવી મારા દિકરાની લાશની અંતિમવીધી કરેલી ત્યારબાદ અકસ્માત બાબતે સાબરમતી નદીની સીમમાં ગયેલો અને જાણવા મળેલ કે, બનાવના દિવસે ધર્મેશભાઇ પોતાનું ટ્રેકટર નં. GJ 09 BK 8582 નું ટ્રોલી સાથેનું લઇને ગેડ ગામની સીમમાં સાબરમતી નદીમાં રેતી ભરવાના કામે ગયેલો અને ટ્રેકટરથી ફેરા કરતો હતો ત્યારે બપોરના ૦૧/૦૦ વાગે મારા ભાઇના ટ્રેકટર ટ્રોલીમાં લોડર નં. GJ 13 AD 1499 થી લોડર ચાલક લોડરમાં ચારણો ભરાવી ટ્રેકટરની ટ્રોલી ઉપર રેતી ચાળવા નો ચારણો ગોઠવતો હતો તે વખતે લોડર ચાલક બેદરકારીથી હંકારી લાવતા લોડરમાં ભરાવેલ ચારણો છટકી નીચે ઉભેલ મારા દિકરા ધર્મેશકુમાર પર પડતા મારા દિકરાને પીઠ તેમજ શરીરે ગંભીર ઇજાઓ થયેલી અને આ બાબતે અમો મરણવીધીમાં રોકાયેલ હોય મરણવિધી પતાવી મારા દિકરા પિનાકીને પ્રાંતિજ પો.સ્ટે.માં ફરીયાદ આપેલી અને પોલીસે મારૂ નિવેદન લીધેલું. આરોપીને હુ ઓળખતો નથી.

આ સાહેદ પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, કહેવાતા અકસ્માતના બનાવ સમયે હુ મારા ઘરે હતો જેથી બનાવ કેવી રીતે, કોની બેદરકારીથી અને કેવા સંજોગોમાં બનેલો તે હુ ચોકકસપણે કહી શકુ નહી.

**(૧૨)** આ કામે આંક-૩૨ થી વેદીકાબેન ધર્મેશકુમાર પટેલને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ સાહેદ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૨૩/૧૧/૨૦૨૩ ના રોજ બપોરે દોઢ વાગે હુ મારા ઘરે હાજર હતી ત્યારે મારા દિયર પિનાકીનના મોબાઇલ ઉપર તેના મિત્ર હર્ષદભાઇ જેતાજી વણજારા નાઓનો ફોન આવેલો અને જણાવેલ કે, તમારા ભાઇ ધર્મેશકુમારને ગેડ ગામની સીમમાં આવેલ સાબરમતી નદીમાં રેતી ચાળવાનો ચારણો પડતા તેઓને શરીરે ઇજા થયેલ છે અને તેઓને સારવાર સારૂ ૧૦૮ વાન મારફતે હિંમતનગર સીવીલમાં લઇ ગયેલ છીએ ત્યારબાદ હુ મારા ઘરેથી નીકળી હિંમતનગર સીવીલમાં આવેલી અને ઇર્મજન્સી વોર્ડ પરના ફરજ પરના ડોકટરે જણાવેલ કે, તમારા પતિ મરણ ગયેલ છે ત્યારબાદ મરણ અંગેની જાણ પ્રાંતિજ પો.સ્ટે.માં મારા દિયર પિનાકીને કરેલી અને તે આધારે પોલીસે મરણોત્તર કાગળો તૈયાર કરી પી.એમ. કરાવી મારા પતિની લાશની અંતિમવીધી કરેલી ત્યારબાદ અકસ્માત બાબતે સાબરમતી નદીની સીમમાં ગયેલો અને જાણવા મળેલ કે, બનાવના દિવસે ધર્મેશભાઇ પોતાનું ટ્રેકટર નં. GJ 09 BK 8582 નું ટ્રોલી સાથેનું લઇને ગેડ ગામની સીમમાં સાબરમતી નદીમાં રેતી ભરવાના કામે ગયેલો અને ટ્રેકટરથી ફેરા કરતો હતો ત્યારે બપોરના ૦૧/૦૦ વાગે મારા પતિના ટ્રેકટર ટ્રોલીમાં લોડર નં. GJ 13 AD 1499 થી લોડર ચાલક લોડરમાં ચારણો ભરાવી ટ્રેકટરની ટ્રોલી ઉપર રેતી ચાળવાનો ચારણો ગોઠવતો હતો તે વખતે લોડર ચાલક બેદરકારીથી હંકારી લાવતા લોડરમાં ભરાવેલ ચારણો છટકી નીચે ઉભેલ મારા પતિ પર્નિ પીઠ તેમજ શરીરે ગંભીર ઇજાઓ થયેલી અને આ બાબતે અમો મરણવીધીમાં રોકાયેલ હોય મરણવિધી પતાવી મારા દિયર પિનાકીને પ્રાંતિજ પો.સ્ટે.માં ફરીયાદ આપેલી અને પોલીસે મારૂ નિવેદન લીધેલું. આરોપીને હુ ઓળખતી નથી.

આ સાહેદ પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, કહેવાતા અકસ્માતના બનાવ સમયે હુ મારા ઘરે હતી જેથી બનાવ કેવી રીતે, કોની બેદરકારીથી અને કેવા સંજોફગોમાં બનેલો તે હુ ચોકકસપણે કહી શકુ નહી.

**(૧૩)** આમ, ફરીયાદપક્ષ તરફે અકસ્માતના કેસોમાં મુખ્યત્વે નીચે જણાવેલ હકીકતો સાબિત કરવાની હોય છે.

(૧) અકસ્માત સમયે અકસ્માત કરનાર વાહનનો ચાલક આરોપી હતો.

(૨) અકસ્માત સમયે આરોપીએ વાહન પુરઝડપે, ગફલતભરી રીતે અને બેદરકારી પૂર્વક હંકારેલ હોવાના કારણે અકસ્માત થયેલ.

ઉપરોકત તમામ સાહેદોની જુબાનીનું પુરાવાકીય મુલ્યાંકન કરવામાં આવે તો હાલના બનાવમાં આરોપી ઉપરોકત વાહન ગફલત ભરી, બેદરકારી રીતે, અથવા તો મનુષ્ય જીવન જોખમાય તેવી રીતે ચલાવી હાલનો અકસ્માત કરેલ તેવો કોઈ વિશ્વાસપાત્ર પુરાવો આ કામે રજુ થયેલ નથી. તેમજ આ તમામ સાહેદોનો પુરાવો જેમને તેમ સ્વીકારી લેવામાં આવે તો પણ ભારતીય દંડ સંહિતાની કલમ– ૨૭૯ મુજબના કોઈ મહત્વના તત્વો ફલીત કરતો પુરાવો આ ઉપરોકત સાહેદો ધ્વારા પોતાની સોગંદ પરના પુરાવામાં જણાવવામાં આવેલ નથી. ત્યારે આ પુરાવા આધારે હાલના આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯ મુજબના ગુના માટે તકસીરવાન ઠરાવવા માટે કોઈ નકકર પુરાવાઓ આ કામે ફરિયાદી પક્ષે રજુ કરવામાં આવેલ નથી.

**(૧૪)** ત્યાર બાદ આ કામના આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૦૪ (ક) મુજબનો ગુનો આક્ષેપવામાં આવેલ છે. ત્યારે સદર કલમ ઘ્યાને લ ેવામાં આવે તો :– **કલમ :–૩૦૪(ક) :** કોઈપણ (વ્યકિત) સાપરાધ મનુષ્ય વધ ન ગણાય તેવું બેફામપણે કરેલું અથવા બેદકારી ભર્યુ કૃત્ય કરીને કોઈ વ્યકિતનું મૃત્યુ નિપજાવે તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પણ પ્ર કારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.

**(૧૫)** આ કામે મહત્વના સાહેદ કહી શકાય તેવા ફરીયાદી તથા સાહેદો એ પોતાની ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, કહેવાતો બનાવ સમયે તેઓ તેમના ઘરે હતા જેથી બનાવ કેવી રીતે અને કેવા સંજોગો અને કોની બેદરકારીથી બનેલ તે તેઓ કહી શકે નહી. કહેવાતા બનાવના વાહન તેમજ વાહન ચાલક સબંધે તેમને કોઈ અંગત જાત માહિતી નથી.

હાલની ઉપરોકત કાયદાકીય જોગવાઈ ઘ્યાને લેવામાં આવે તો કોઈ પણ વ્યકિતને આ ગુના અન્વયે ત્યારે જ તકસીરવાન ઠરાવી શકાય છે કે જયારે આરોપી બનાવ સમયે તેવુ કૃત્ય બેફામ પણે કરેલ હોય અથવા બેદરકારી રીતે કરવામાં આવેલ હોય, પરંતુ ઉપરોકત કાયદાકીય જોગવાઈ તેમજ આ કામે ફરીયાદ પક્ષે રજુ કરવામાં આવેલ મૌખીક પુરાવાઓને ઘ્યાને લ ેવામાં આવે તો આ કામે હાલનો આરોપી બનાવ સમયે બનાવવાળું વાહન ચલાવતો હોય તેમજ બેફામ રીતે, બેદરકારી ભરી રીતે અથવા તો મનુષ્ય જીવન જોખમાય તેવી રીતે ચલાવતો હોવા બાબતે કોઈ સક્ષમ પુરાવો મળી રહેલ નથી. ત્યારે હાલના આક્ષેપીત ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૪(ક) માટે પણ હાલના આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી તેવું મારૂ નમ્રપણે માનવું છે.

આમ, આ કામે રજુ થયેલ તમામ દસ્તાવેજી અને મૌખીક પુરાવો વંચાણે લેતાં આરોપી સામેનો ગુનો સાબીત કરવામાં ફરીયાદ પક્ષ સફળ રહેલા ન હોય તેમજ આરોપીની સામેના ગુનાના આવશ્યક તત્વો પણ ફરીયાદ પક્ષ પુરવાર કરી શકેલ ન હોય તેમજ આરોપી દવારા જ અકસ્માત થયા અંગેની અંગેની વિગતે સમર્થન મળતુ ન હોય રેકર્ડ ઉપરના તમામ દસ્તાવેજો તથા પુરાવા ને ઘ્યાને લેતાં મુદ્દા નં.૧નો નિર્ણય ''**નકારમાં**'' નિર્ણિત કરી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી નિર્ણય ફરમાવવામા આવે છે.

**:: હુકમ ::**

૧. આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ−૨૫૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ−૨૭૯,૩૦૪(અ) તથા મોટર વ્હીકલ એકટની કલમ−૧૭૭,૧૮૪,૧૩૪ બી મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. ક્રિ. પ્રો. કોડની કલમ−૪૩૭(એ) મુજબ આરોપીએ નવા જામીન આપવા.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તા.૩૦/૦૩/૨૦૨૬
મુ.પ્રાંતિજ.

**(ભાર્ગવસિંહ રવસિંહ સોલંકી)**
એડી. ચીફ જયુડી. મેજી. , પ્રાંતિજ.
(જજ કોડ નં.જીજે૦૦૯૧૯)

//S.C.P.//